**જન્મદિને વધામણી**



અમૃતભાઈ ભીલ
મો. ૯૭૨૬૬ ૫૦૫૨૩



નારાયણભાઈ શકરાભાઈ પ્રજાપતિ



વીણાબેન મહેન્દ્રભાઈ રાઠોડ



યશકુમાર મનોજકુમાર જોષી



હિતાયુ ભાવેશ પ્રજાપતિ

# કલાગુર્જરીએ ટાઉનહૉલનું વાતાવરણ સુરીલું બનાવ્યું



કલાગુર્જરી, ગાંધીનગરના ઉપક્રમે હિન્દી-ગુજરાતી ફિલ્મ જગતનાં મશહૂર પાર્શ્વગાયક-ગાયિકાઓનાં ગીતોનો કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે રવિવારે યોજવામાં આવ્યો હતો. 'પંખીઓએ કલશોર કર્યો... ગાતા રહે મેરા દિલ' નામક આ કાર્યક્રમ અંતર્ગત નીરજ પાઠક, દર્શના ગાંધી, જ્યોતિ ક્રિશ્ચિયન અને ચિરાગ દેસાઈ દ્વારા ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. પંકજ પાઠક, શૈલેષ ઠાકર દ્વારા સંગીત આપવામાં આવ્યું હતું અને પ્રવક્તા તરીકે તુષાર જોષી પોતાની સેવાઓ આપી હતી.

# પૃથા ફાઉન્ડેશન દ્વારા મેંગો મસ્તી વર્કશૉપ

## પાકી કેરીના રસની જાળવણી, શરબત, જામ, કેરીના પાપડ, આઈસક્રીમ અને કેરીની મીઠાઈ બનાવવા માટે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

ગાંધીનગર, તા. ૧૯

પૃથા ફાઉન્ડેશન દ્વારા સ્ત્રી સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સ્વરોજગારી યોજના હેઠળ બાગાયત ખાતાના સહયોગથી મહિલાઓ આત્મનિર્ભર બને તે હેતુસર સ્વરોજગારીના તાલીમ વર્ગનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા મેંગો મસ્તી કાર્યક્રમ હેઠળ કેરીને વિવિધ બનાવટોના માધ્યમથી બારેમાસ સાચવી રાખવાની તરકીબો પણ દર્શાવવામાં આવી હતી, જે અંગેની તાલીમ બહેનોને આપવામાં આવી હતી. ૩૬ બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

શિબિરમાં બાગાયાત ખાતાનાં ચેતનાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. પૃથા ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી અમિતાબેન મહેતાએ જણાવ્યું હતું કે કાર્યક્રમ અંતર્ગત પાકી કેરીના રસની જાળવણી, શરબત, જામ, કેરીના પાપડ, આઈસક્રીમ અને કેરીની મીઠાઈ બનાવવા માટે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સિઝનમાં મળતી સસ્તા ભાવની કેરીના ઘરગથ્થુ વપરાશ માટે પણ માર્ગદર્શન મહિલાઓને આપવામાં આવ્યું હતું.

તાલીમ વર્ગના અંતે ભાગ લેનારાં બહેનોને બાગાયત ખાતાના અધિકારી ડી જે પટેલ અને પાર્થ જોષીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે પૃથા ફાઉન્ડેશનનાં ચેરમેન પુનિતાબેન ત્રિપાઠી ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઉત્તરવહીના અવલોકનની પ્રક્રિયા ગુરુવારથી

ગાંધીનગર, તા.૧૯

ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, વિજ્ઞાન પ્રવાહ માર્ચ-૨૦૧૮ની ઉત્તરવહીઓના અવલોકન માટે જે વિદ્યાર્થીઓએ અરજી કરેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા તા.૨૧-૬થી તા.૨૮-૬ સુધી રાખવામાં આવેલ છે. ઉત્તરવહી અવલોકન માટે અરજી કરનાર ઉમેદવારોને ઉત્તરવહી અવલોકન માટેની તારીખ અને સમય દર્શાવતા કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવેલ છે તેમજ બોર્ડની વેબસાઈટ, પર ઉમેદવાર પોતાની બેઠક નંબર તથા અરજીમાં રજિસ્ટર કરેલ મોબાઈલ નંબર લખી કોલ લેટર તા.૧૮-૬થી ઓનલાઈન પણ મેળવી શકશે. કોલ લેટર સાથે નિયત તારીખ અને સમયે બોર્ડની ગાંધીનગરની કચેરી ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા આજે ગુજરાતી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૯

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ગીતોના રસપ્રદ કાર્યક્રમ 'અમર ઉપેન્દ્ર ત્રિવેદી'નું આયોજન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ટ્રસ્ટના અગ્રણી જીલુભા ધાધલે જણાવ્યું છે કે ગુજરાતના ગૌરવ સમા, અભિનયસમ્રાટ અને ગુજરાતી ચલચિત્રોના મહાન કલાકાર પદ્મ વિભૂષિત ડૉ. ઉપેન્દ્ર ત્રિવેદીના જાજરમાન વ્યક્તિત્વને યાદ કરતું, વાગોળતું અને સ્પર્શતું લાગણીસભર કદમ એટલે 'અમર ઉપેન્દ્ર ત્રિવેદી' કાર્યક્રમ.




આ કાર્યક્રમ બુધવાર, તા. ૨૦ જૂનના રોજ રાત્રે ૯.૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે, જે અંતર્ગત ઉપેન્દ્ર ત્રિવેદી સાથે સંકળાયેલાં ગીતો વર્ષા કુલકર્ણી (ખુશ્બુ ગુજરાત કી ફેઈમ), શ્યામ ગઢવી, દિવ્યાંગ અંજારિયા દ્વારા રજૂ કરવામાં આવશે. મયુર દવે ગૃપ ઓરકેસ્ટ્રાની સેવા આપશે અને કાર્યક્રમનું સંચાલન ખ્યાત કવિ, ઉદ્‌ઘોષક હરદ્વાર ગોસ્વામી દ્વારા કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના પારિવારિક સભ્યો અને આમંત્રિત મહેમાનોને આ કાર્યક્રમનો લાભ લેવા સમયસર પધારવા તેમણે સંસ્થા દ્વારા ઈજન પાઠવ્યું છે.

# આઈઆઈટી ખાતે ઍજ્યુકેશન ક્વૉલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ



ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ગાંધીનગર ખાતે ટૅકનીકલ ઍજ્યુકેશન ક્વૉલિટી ઈન્પ્રુવમેન્ટ પ્રોગ્રામની બીજી બૅચનો આરંભ કરવામાં આવ્યો છે, જેમાં ઍન્જિનીયરિંગ ઈન્સ્ટીટ્યુટ્સના ૧૬૦ જેટલા નૉમિનેટેડ પ્રિન્સિપાલ્સ અને ફૅકલ્ટી મૅમ્બર્સ ભાગ લઈ રહ્યા છે. ફૅકલ્ટીઝ ઍન્જિનીયરિંગ કૉલેજમાં શિક્ષણ હેતુ ઍક્ટીવ લર્નીંગ, ઑટોનોમી, ગવર્નન્સ ઍન્ડ મૅનેજમૅન્ટ તથા રિસર્ચ ઍન્ડ ડૅવલપમૅન્ટની તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે.

## ઈસરોનું જીસેટ-૧૧ ઉડાન ભરવા તૈયાર

ન્યુ દિલ્હી, તા.૧૯

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થાન (ઈસરો) એ જીસેટ-૧૧ ને લોન્ચ કરવાની લીલી ઝંડી આપી દીધી છે. એક અન્ય ઉપગ્રહ જીસેટ-૬એ ના શ્રી હરિકોટાથી ઉડાણ ભર્યા બાદ તેનાથી સંપર્ક તુટવાને કારણે ઈસરો ફૂંકી-ફૂંકીને પગલા ભરી રહ્યુ છે. એક અધિકારીએ જણાવ્યુ કે લોન્ચ કરતા પહેલા જીસેટ-૧૧ની સારી રીતે તપાસ કરવામાં આવી છે. ૫૭૦૦ કિલોગ્રામ વજનનો જીસેટ-૧૧ને ૨૬મે ના રોજ દક્ષિણ અમેરિકાના કોરુથી છોડવાનો હતો, પરંતુ માર્ચમાં જીસેટ-૬એના લોન્ચિંગ બાદથી તે સંપર્ક વિહોણો થવાને કારણે ઈસરોને મોટો ઝટકો લાગ્યો છે. કોરુ પ્રક્ષેપણ કેન્દ્રથી ભારતે પોતાના ભારે ઉપગ્રહોને લોન્ચ કર્યા છે. અંતરિક્ષ એજન્સી હજી પણ સંપર્ક વિહોણા ઉપગ્રહ સાથે સંપર્ક સ્થાપિત કરવાના પ્રયાસમાં લાગેલી છે અને તેમાં તેને નાની સફળતા પણ મળી છે.

# શહેરના યુવાનો દ્વારા નવી શૉર્ટ ફિલ્મ તૈયાર

ગાંધીનગર, તા. ૧૯

સોશિયલ મીડિયાના આ યુગમાં દુનિયાના કલાકારોની જેમ ગાંધીનગર શહેરના કલાકારો પણ પોતાની કલાનો કસબ દર્શાવી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી રહ્યા છે ને દિન-પ્રતિદિન સુંદર કૃતિઓ લોકોને માણવા મળી રહી છે. આ વખતે 'દીકરી પ્રત્યેની વેદના' નામની એક શૉર્ટ ફિલ્મ ગાંધીનગરના યુવાનો દ્વારા તૈયાર કરવામાં આવી છે.

મારૂતિ ડિજીટલના બૅનર તળે ધીરજસિંહ વાઘેલા દ્વારા આ ફિલ્મનું નિર્માણ-દિગ્દર્શન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના જાણીતા નાટ્ય-ફિલ્મ કલાકાર કરણ રાજવીર, પ્રતીક હીરપરા ઉપરાંત ચાર્મી હરડે, સંજયસિંહ રાઠોડ અને




વર્ષા વાઘેલાએ આ ફિલ્મ માટે પોતાનો અભિનય આપ્યો છે.

ફિલ્મના નિર્માણ માટે ડૉ. બિન્દી ગજ્જર, યોગેશ પ્રજાપતિ, નસીરૂદ્દીન મોમીન અને પ્રશાંત પટેલની સહાય પ્રાપ્ત થઈ છે.

ઉલ્લેખનીય છે કે ધીરજસિંહ વાઘેલા શિક્ષક અને સારા ગાયક છે અને આ શૉર્ટ ફિલ્મનું ઍડિટિંગ તેમણે સ્વયં કર્યું છે. દીકરી પ્રત્યેની સંવેદના પ્રગટ કરતી આ ફિલ્મ યુટ્યુબ પર સારો પ્રતિભાવ મેળવી રહી છે. યુટ્યુબમાં 'મારૂતિ ક્રિએશન્સ' ચૅનલ પર આ ફિલ્મ મૂકવામાં આવી છે.

# સરકારી પેટ્રોલિયમ કંપનીઓ ખોલશે ૨૫ હજાર નવા પેટ્રોલ પંપ

ન્યુ દિલ્હી, તા.૧૯

સરકારી પેટ્રોલિયમ કંપનીઓએ દેશભરમાં ૨૫ હજાર જેટલા નવા પેટ્રોલપંપ ખોલવાની યોજના બનાવી છે. પેટ્રોલિયમ મિનિસ્ટ્રીએ પેટ્રોલ પંપ ડીલરોની નિયુક્તિ પર સરકારી પોલિસીને પણ રદ કરી દીધી છે. જેનાથી સરકારી પેટ્રોલ કંપનીઓ, ઈન્ડિયન ઓઈલ, હિંદુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમને પેટ્રોલ પંપ ખોલવા માટે પોતાના નિયમો બનાવવાની છૂટ મળશે. મિનિસ્ટ્રીએ નવા પેટ્રોલ પંપ ડીલરોની નિયુક્તિ માટે ગત મહિને કંપનીઓને પોતાની ગાઈડલાઈન્સ તૈયાર કરવાની મંજૂરી આપી હતી. આ કંપનીઓએ સરકારને જણાવ્યું હતું કે પેટ્રોલ અને ડીઝલની રીટેલ પ્રાઈઝ પર સરકારી નિયંત્રણ હટાવ્યા બાદ ડીલરોની નિયુક્તિ માટે સરકારની ગાઈડલાઈનની જરુરિયાત નથી રહી.

# સ્મિત ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ કિટનું વિતરણ

જેમના માતા-પિતા હયાત નથી તેવાં બાળકોને અભ્યાસ અર્થે સહાય કરવા હેતુ સ્મિત ફાઉન્ડેશન દ્વારા અભ્યાસકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અભ્યાસ માટે જરૂરી ચોપડા, સ્કૂલબેગ, લંચબૉક્ષ, પૅન્સિલ, રબર, ફૂટપટ્ટીનું વિતરણ બાળકને કરવામાં આવ્યું હતું. આ અંગેની માહિતી આપતાં ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સંસ્થા દ્વારા જે બાળકોનાં માતા-પિતા હયાત નથી તેમને દત્તક લઈ તેમની અભ્યાસને લગતી જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. આવાં અનાથ બાળકો માટે સ્મિત ફાઉન્ડેશન દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવે છે.



# ૧૦ કરોડના ખર્ચે ૧૨ જિલ્લાઓમાં નવી આયુર્વેદિક હોસ્પિટલો બનશે

અમદાવાદ,તા.૧૯

સરકારે રાજ્યના ૧૨ જિલ્લામાં નવી આયુર્વેદિક હોસ્પિટલ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જેના માટે બજેટમાં દસ કરોડની ફાળવણી પણ કરવામાં આવી છે. સુરેન્દ્રનગરમાં સૌપ્રથમ મોડલ આયુર્વેદિક હોસ્પિટલની સ્થાપના દ્વારા સરકાર આ ડ્રીમ પ્રોજેક્ટમાં આગળ વધી રહી છે.

રાજ્યમાં અત્યારે ૩૬ જેટલી સરકારી આયુર્વેદિક હોસ્પિટલો છે. આ હોસ્પિટલોમાં સરેરાશ રોજ ૨.૭૦ લાખ દર્દીઓ દર્દના શમન માટે આવે છે. દરેક જિલ્લામાં એક સરકારી આયુર્વેદ હોસ્પિટલ સ્થાપવાનું સરકારનું લક્ષ્ય છે. તાપી, સુરત, મહેસાણા, પાલનપુર, લુણાવાડા, મોડાસા, ગીર, સોમનાથ, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, બોટાદ, ખેડા અને આણંદનો જેટલા જિલ્લાઓમાં આયુર્વેદિક હોસ્પીટલ બનાવવામાં આવશે.

# 'મૈં નહીં, હમ' શિર્ષક હેઠળ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




'મૈં નહીં, હમ' શિર્ષક હેઠળ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૧૭ જૂનના રોજ સાંજે ૬ કલાકે સ્વામીનારાયણ ઑડિટોરિયમ, સ્વામિનારાયણ મંદિર, મણિનગર, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ઍસ આર પ્રૉડક્શન દ્વારા સૌપ્રથમ વખત નવોદિત કલાકારોને મંચ પૂરો પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત રાસ, ગરબા, ભાંગડા, ઘુમર, લાવણી, દેશભક્તિ ગીતો જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ૫૦ જેટલા કલાકારોએ પોતાની કલાનાં ઓજસ પાથર્યા હતાં. આ પ્રસંગે વજ઼ ઓ ફોર્સનાં ડિરેક્ટર રૂઝાન ખંભાતા, દિવ્ય ભાસ્કરના ડેપ્યુટી ઍડિટર શૈલેન્દ્ર વાઘેલા, નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સના ડિરેક્ટર કશ્યપ નિમાવત અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રના પ્રૉડક્શનની જવાબદારી શારદા પવારે સંભાળી હતી, કોરિયોગ્રાફી બરોડાના જાણીતા કોરિયોગ્રાફર મિલાપ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન ઍસ આર ઈવેન્ટ્સના રાજેશ પવાર દ્વારા કરવામાં આવ્યું હતું. મંચ પર સૌપ્રથમ કલાની રજૂઆત કરતા ૧૪ વર્ષથી માંડીને ૪૫ વર્ષની વયના કલાકારોને ઉપસ્થિત પ્રેક્ષકોએ મનથી વધાવી લીધા હતા. ભાગ લેનારા તમામ કલાકારોને નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે કલાકારોને પ્રોત્સાહિત કરવા ખાસ પધારેલા જુનિયર રાજેશ ખન્ના સૌનાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.